## (૫) ટ્રેક નં. ૧૩ શુદ્ધનયનો વિષય શુદ્ધાત્મા વિષે

✿ આ શુદ્ધનય શું હોય? અને શુદ્ધાત્મા કેવો હોય? મને તો ખબર નથી. તો ચાલો સાંભળીએ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના શ્રીમુખેથી.

✿ માંગલિક

✿ ભક્તિ : આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. (૨)
પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ, સૌને પેખતા હો લાલ.

હે નાથ! અમારી નિજસત્તાને આપ શુદ્ધ અને પરિપૂર્ણ દેખો છો. અમારી નિજસત્તા જે પોતાનું હોવાપણું-હે નાથ ! આપ સર્વજ્ઞપણામાં અમને પરિપૂર્ણ શુદ્ધ દેખો છો. એમ ભગવાન દરેક તત્ત્વને પરિપૂર્ણ શુદ્ધ દેખે છે એમ પરિપૂર્ણ અને શુદ્ધ તું દેખ તો તને સમ્યક્દર્શન થાય.

✿ આત્મા જ અંદર આનંદ સ્વરૂપ પ્રભુ-સચ્ચિદાનંદ-નિત્યાનંદ પ્રભુ-ઉસકો જે જ્ઞાનકી પર્યાય-અવસ્થાસે જાનનેમેં આતી હૈ જ્ઞાનકો શુદ્ધનય કહનેમેં આતે હૈ. જે જ્ઞાનકી પર્યાય પરકા વિષય કરે વિષય કરે તે જ્ઞાન અજ્ઞાન છે. જે જ્ઞાનકી દશા સ્વકા વિષય બનાવે ભગવાનકા અંદર, જે જ્ઞાનની દશા-વર્તમાન દશા ચાલતી હોય ને ત્યાં-એને અંતરમાં ધ્યેય બનાવે ભગવાનકો-ઉસકો શુદ્ધનયકે વિષયભૂત આત્માકી અનુભૂતિ સુખરૂપ હૈ.

✿ ભગવાન ત્રિકાળી જ્ઞાયક નિષ્ક્રિય તત્ત્વના તળમાં પડ હૈ અંદર. ત્યાં સ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ એને શુદ્ધનય કહે છે. એ વસ્તુને જ શુદ્ધનય કહે છે એમ કહા. ત્રિકાળી જ્ઞાયક ભાવ પર અપરિણામિક તત્ત્વ પર દૃષ્ટિ જ સમ્યક્દૃષ્ટિ છે.

✿ ચૈતન્ય-અનંત ગુણકા બાદશાહ-અનંત પ્રજાકા નાથ-એ એક જ સર્વોત્કૃષ્ટ જગતમાં સાર છે. એ જ સમ્યક્દર્શનનો વિષય છે.

✿ આત્મા તો અનાકુળ આનંદકા કંદ પ્રભુ અંદર. ધ્રુવ સામાન્ય વસ્તુ એક-એ જ જગતમાં સમ્યક્દર્શનનો વિષય-ધ્યેય તે એક જ સાર છે.

✿ પૂર્ણ સ્વરૂપ પ્રભુ-એકરૂપ ત્રિકાળી સ્વરૂપ-જેમાં અનેકતા અને ભેદ નહીં-એ જ દૃષ્ટિનો વિષય-સમ્યક્દર્શનનો વિષય (છે.)

✿ જે પ્રભુ! ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ! જે સમ્યક્દર્શનનો વિષય-એ તો મોક્ષના માર્ગને અને સમકિતને પણ એ કરતો નથી એમ કહે છે. એ અપરિણામિક ચીજ છે ત્રિકાળી. એ પલટતો નથી. બદલતો નથી. જેની પર્યાયમાં હલચલ-એ પર્યાય એનામાં નથી અંદર. હલચલ વિનાનો ધ્રુવ. એ એકરૂપ ચીજ ત્રિકાળ- સમ્યક્દર્શનનો આશ્રય કરવા લાયક ચીજ છે. સમકિતીની ધ્રુવ પર નજર કાયમ રહેતી હોય છે. ચાહે તો વિકલ્પ આવે-ખાવા-પીવાનો, બોલવું બધું, પણ દૃષ્ટિમાં તો ત્રિકાળી જેમાં મોક્ષની પર્યાય પણ નથી એવા ધ્રુવ પર નજર કાયમ હોય છે અને ધ્રુવ પરથી નજર ખસે અને જો પર્યાય પર નજર જાય, નજર જાય હોં, અડતી નથી. જાણવા માટે જાણે (કે) (પ્રભુ) જ્ઞાનગુણ જાણે કે પર્યાય છે. પણ દ્રવ્યના ધ્રુવનો આશ્રય છૂટીને પર્યાયનું જોર એમાં જાય અને પર્યાયમાં વિકલ્પ ઊઠે ને એમાં લાભ માને તો તે મિથ્યાત્વ છે.

✿ યે સમ્યક્દર્શનકા વિષય-જ્ઞાયક. ઉસમેં પર્યાયકા વેષ નહિ. પર્યાયકી અપેક્ષા નહીં એવું એક નિરપેક્ષ તત્ત્વ હૈ.

✿ સમ્યક્-ચોથું ગુણસ્થાન-સમ્યક્દર્શનકા વિષય જો જ્ઞાયક હૈ, યે વિષયમેં પર્યાયકી અપેક્ષા નહીં અને પર્યાયકા વેશ નહિ. દ્રવ્યલિંગ નહિ, ભાવલિંગ નહિ. મુનિપણું નહિ, કેવળજ્ઞાન નહિ, સિદ્ધપદ નહિ. એવું એક રૂપ સદૃશ્ય ધ્રુવ-તેને અમે અહીં આત્મા કહીએ, તેને દ્રવ્ય કહીએ, તેને સામાન્ય કહીએ, તેને પર્યાય વિનાનો આત્મા કહીએ.

✿ હું જાગીને જોઉં તો ચૈતન્ય નિરાવલંબી તત્ત્વ છે. એમાં જગત છે નહિ. ચૈતન્યને ભાવતા જેમાં પર્યાય પણ દેખાતી નથી. અભેદને જોતા પર્યાયનો ભેદ પણ જ્યાં જતો આવતો નથી, તો જગત તો ક્યાં છે?

✿ નિશ્ચય શુદ્ધનયથી તું ભૂલનો કરનાર છે, એમ કહ્યું છે. શુદ્ધનયથી નિશ્ચયનયથી. તારામાં જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષની જે ભૂલો તે શુદ્ધનયથી થઈ છે. 'શુદ્ધ' એટલે પરની અપેક્ષા નથી. તારાથી જ એ ભૂલ થઈ છે અને કર્મના નિમિત્તે કહેવું એ તો અશુદ્ધનયનો વિષય છે.

✿ તેરી પર્યાય-અવસ્થા-રાગ પર તેરી દૃષ્ટિ હૈ તે મિથ્યાદૃષ્ટિ હૈ. એ દૃષ્ટિનો વિષય જે સમ્યક્‌દર્શન છે એ સમ્યક્‌દર્શનકા વિષય અખંડ પરમાત્મ સ્વભાવ છે. ત્યાં પર્યાયને લઈ જા.

✿ 'મેરે જ્ઞાનકી પર્યાય હૈ. મેરે જ્ઞાનકી પર્યાય'. ઈતના જોર ક્યૂં દેતે હૈ? પર્યાય પર ઈ જોર ક્યું ચલે જાતે હૈ? કે આ મેરે જ્ઞાનકી પર્યાય હૈ, કિ યહ મેરે દ્રવ્યકી પર્યાય હૈ. એ ગુણકી પર્યાય, સારા દ્રવ્યકી હી પર્યાય હૈ. એ પર્યાય 'આ હૈ', 'આ હૈ' ઐસા લક્ષ ક્યોં તેરા જાતા હૈ, વહાં? અહીં તો કહે છે કે જિતના વ્યવહાર હૈ-વિકલ્પ આદિ યે ભી હૈ. હૈ તો ખરા પર ઉસકા ઉપર લક્ષ કરનેસે સમ્યક્‌દર્શન નહિ હોતા. અરે! સમ્યક્‌દર્શનની પર્યાય ઉત્પન્ન હુઈ ઉસકા લક્ષસે ચારિત્ર પર્યાય ઉત્પન્ન નહીં હોતી. ચારિત્રકી પર્યાય તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ કે આશ્રયસે હી ઉત્પન્ન હોતી હૈ.

✿ મેરેકો ક્ષયોપશમ વિશેષ હુઆ કિ આ પર્યાય મારી છે. આ દ્રવ્યકી પર્યાય હૈ. આ મંદ રાગકી પર્યાય મેરે બહોત હુઈ. યે ક્યા હૈ? ઉસકા લક્ષ ક્યોં કરતે હૈ? જોર ક્યું દેતે હૈ? વ્યવહારસે નિશ્ચય હોતા હૈ ઐસા માનને વાલેકો મિથ્યાદૃષ્ટિ માનકર રાગથી મને લાભ થયો, રાગ મંદ કિયા તો મેરે (લાભ હુઆ). ઉસકે ઉપર દૃષ્ટિ ક્યોં દેતે હૈ? પરિણામ તો હોતે હી રહેંગે. પરંતુ યે મેરી અમુક ગુણ પર્યાય હુઈ, મેરે જ્ઞાનકી પર્યાય નિર્મળ હુઈ, શ્રદ્ધાકી પર્યાય ક્ષાયિક હુઈ, આનંદકી પર્યાય ઐસા વેદનમેં આયા, યહ મેરા ઐસે પરિણામ હુએ, ઐસા જોર કિસ લિયે દેતા હૈ? પર્યાય પર દેખનેકા જોર કિસલિયે દેતા હૈ પ્રભુ?

✿ ભગવાન પરમાત્મા સ્વરૂપ હી બિરાજે છે અંદર. અંતર આત્મા કહેતે હૈ ને? અંતર આત્મા અંદર આત્મા. પર્યાયકી અંદર એ અંતર આત્મા કહેતે હૈ. એની દૃષ્ટિ થઈ તો જ અંતરઆત્મા કહનેમેં આતા હૈ.

✿ વસ્તુ સમ્યક્ એકાંત હી હૈ. (શુદ્ધ) નયકા વિષય એક નય હૈ, એક ધર્મ હૈ, પૂર્ણ એક ત્રિકાળ.

✿ એક પૂર્ણ પ્રભુ હૈ યે નિત્ય હૈ, અભેદ હૈ, ઐસા જોર લા. ઐસા પુરુષાર્થકા અંદરમેં જોર લા. તું જ્ઞાતાદૃષ્ટા થઈ જઈશ. તું જ્ઞાતાદૃષ્ટા હૈ

ઐસા જ્ઞાતા-દષ્ટા હો જાએગા. અભેદ પર દષ્ટિ કરવાથી તું જ્ઞાતાદષ્ટા થઈ જઈશ.

✿ દષ્ટિ તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પર પડી હૈ. એ પર્યાય પ્રગટ હુઈ ઉસમેં ચીપકતી નહિ, લટકતી નહિ. સમ્યક્દર્શનનો વિષય-અભેદ પૂર્ણાનંદનો નાથ-એ દષ્ટિના વિષયમાંથી ખસે નહિ.

✿ દષ્ટિ પોતે ભલે-ક્ષયોપશમની કે ઉપશમ છે હો કે ક્ષાયિકની હો પણ એ દષ્ટિનો વિષય જે છે એણે પકડ્યો છે એ ચીજ પૂર્ણ છે.

✿ ઉદયનો ત્યાગ કર્યો-ક્ષાયિક પર્યાય પ્રગટી, પણ છતાં ઉદયનો ત્યાગ નો'તો ત્યારે પણ વસ્તુ તો પૂર્ણ જ છે અને ઉદયનો ત્યાગ થયો અને ક્ષાયિક પર્યાય થઈ છતાં તે કાળે પણ વસ્તુ તો પૂર્ણ જ છે.

✿ શુદ્ધનયની દષ્ટિવંત ભૂતાર્થદર્શીઓ શુદ્ધનયથી થતા એવી ચીજ તે ઉપર દષ્ટિ આપતા તે ભૂતાર્થને જુએ છે. એ ભૂતાર્થ છે તેને આવિર્ભાવ કરે છે. ભૂતાર્થ છે એ આવિર્ભાવ થતો નથી તે તો છે એ છે. પણ એને જે આવિર્ભાવ નહોતો, પર્યાયમાં લક્ષ નો'તું, એને પર્યાયમાં પ્રગટ કર્યું. એને જ્ઞાયક આવિર્ભાવ થયો એમ કહેવામાં આવે છે.

✿ જ્ઞાયકભાવ અજ્ઞાનીને તિરોભૂત છે. એને તિરોભૂત છે. વસ્તુ તો તિરોભૂત નથી. એ તો છે એ છે અને જ્યાં ભેદજ્ઞાનથી જુદી પડીને જ્યાં શુદ્ધનો આશ્રય લીધો ત્યારે જ્ઞાયક આવિર્ભાવ થયો. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પણ જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યો કે 'આ જ્ઞાયક' તે આવિર્ભાવ થયો.

✿ જ્ઞાનકી પર્યાય અને શ્રદ્ધાની પર્યાયમાં નિષ્ક્રિય દ્રવ્યકી જ્ઞાન અને શ્રદ્ધા હોતી હૈ કે પૂર્ણ નિષ્ક્રિય છે ઐસી શ્રદ્ધા, પૂર્ણ નિષ્ક્રિય હૈ ઐસા જ્ઞાન. (હોતા હૈ) ઐસા હોને પર ભી પર્યાયસે ભિન્ન અધિક દ્રવ્ય રહેતે હૈ.

✿ એક સમયની જે પર્યાય છે તે ઉપર ઉપર છે. સમ્યક્દર્શન જ્ઞાનાદિની પર્યાય ઉપર ઉપર છે. પણ એનો વિષય જે છે એ તળ-ધ્રુવ વિષય છે. ધર્મીની સમ્યક્દષ્ટિનો વિષય ત્રિકાળી ધ્રુવ જે તળમાં તળીયું પડ્યું છે. (તે છે).

✿ એ પ્રભુનો પ્રભુ પોતે છે. પર્યાયમાં જે પ્રભુતા થાય છે એનો પણ

દ્રવ્ય, ગુણ તો પ્રભુ છે. એવો જે તારો ત્રિકાળી સ્વભાવ-જે તલવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતી નથી, રાગદ્વેષ એને વિકારી કરતા નથી, વાહ! તત્ત્વ! એ સમ્યક્દર્શનનો વિષય જે તત્ત્વ-એ આ-એ દ્રવ્ય છે, પારિણામિક ભાવે છે, સહજ સ્વરૂપે, અનાદિઅનંત છે, 'અનાદિઅનંત' એમ કહેવું એ પણ ભેદથી કથન છે, પણ વર્તમાન જ ધ્રુવ છે. એક સમયમાં જ એ ધ્રુવ છે. એને અહીંયા દ્રવ્ય કહીએ, ને એને નિશ્ચયનયનો વિષય કીધો.

✿ વસ્તુ ભગવાન આત્મા-પરમ પરમાત્મા નિજ સ્વરૂપ જે સમ્યક્-દર્શનનો વિષય છે, તેવા તત્ત્વના-દ્રવ્યના આશ્રયે સમ્યક્દર્શન થાય છે.

✿ મોક્ષકા પૂર્ણ આનંદની પ્રાપ્તિનું કારણ ચારિત્ર અને ચારિત્રનું કારણ પહેલા સમ્યક્દર્શન. સમ્યક્દર્શન વિના ચારિત્ર ન હોય. અને સમ્યક્દર્શનના કારણ-ત્રિકાળી નિત્ય નિર્મળાનંદ પ્રભુ! એ સમ્યક્દર્શનકા કારણ હૈ. સમ્યક્દર્શનકા વિષય સમ્યક્દર્શનની પર્યાય નહીં. સમ્યગ્દર્શનકા વિષય અભેદ, ચિદાનંદ પ્રભુ! જે શરીર, લક્ષ્મીથી તો ભિન્ન, રાગથી ભિન્ન, પર્યાયથી ભિન્ન, ગુણભેદથી ભિન્ન છે. (પ્રમાણ વચન ગુરુદેવ)